# માઈક્રો ફાઈનાન્સ પલ્સ

સંસ્કરણ VI-સપ્ટેમ્બર 2020



# વિશ્લેષણાત્મક સંપર્કો


**ઇક્વિફેક્સ (Equifax)**

કિરણ સમુદ્રલા

VP – એનાલિટિક્સ

kiran.samudrala@equifax.com

શ્રુતિ જોશી
AVP - એનાલિટિક્સ

shruti.joshi@equifax.com

ખ્યાતિ ખજુરીયા
એએમ એનાલિટિક્સ

khayati.khajuria@equifax.com

વંદના પંચાલ
સિનિયર એક્ઝિક્યુટીવ- એનાલિટિક્સ

vandana.panchal@equifax.com

**સીડબી (SIDBI)**

કૈલાસ ચંદર ભાનૂ

સીજીએમ-ERDAV
erdav@sidbi.in

રંગદાસ પ્રભાવતી

ડીજીએમ- ERDAV

erdav@sidbi.in

રમેશકુમાર
એએમ- ERDAV

rameshk@sidbi.in

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| > | કાર્યકારી સારાંશ | 4 |
| > | સંક્ષેપ અને શબ્દ્સૂચિ | 5 |
| > | માઇક્રો ફાઈનાન્સ ઉદ્યોગ ની ઝાંખી | 6 |
| > | વિતરણ વલણો | 10 |
| > | ઉદ્યોગ જોખમ પ્રોફાઈલ | 13 |
| > | ભૌગોલિક એક્સપોઝર | 15 |
| > | લોન સાયકલ ID વલણો | 18 |
| > | મહત્વાકાંક્ષી જિલ્લાઓ | 21 |
| > | વ્યાપક રાજ્ય પ્રોફાઈલ: ઉત્તરપ્રદેશ | 25 |

# કાર્યકારી સારાંશ

માઇક્રોફાઈનાન્સ પલ્સની છઠ્ઠી આવૃત્તિમાં આપનું સ્વાગત છે. છઠ્ઠી માઇક્રો માઇક્રોફાઈનાન્સ પલ્સ ઉદ્યોગના સંસ્થાકીય વલણોની સાથે બદલાતી ભૌગોલિક ગતિશીલતા સ્રોત અને પોર્ટફોલિયો વલણો પ્રકાશિત કરે છે. માર્ચ 2020 ના રોજ એમએફઆઈ ઉદ્યોગમાં 6 કરોડ જીવંત ઋણ લેનારા ના પાયા પર પહોંચીને માર્ચ 2019 ની તુલનામાં 27% ની વૃદ્ધિ નોંધાઈ છે.

માઇક્રોફાઈનાન્સ ઉદ્યોગમાં માર્ચ-2020 ત્રિમાસિક ગાળા ના અંતમાં વાય-ઓ-વાય ધોરણે 27% વૃદ્ધિ અનુભવાઈ છે. બાકી પોર્ટફોલિયોની બાબતમાં માર્ચ 2019 થી માર્ચ 2020 સુધીમાં બેંકોએ 51% વૃદ્ધિ નોંધાવી છે, ત્યારબાદ એસએફબીનો 35% વૃદ્ધિ દર છે. માર્ચ 2020 સુધી એમએફઆઈ ઉદ્યોગનો આઉટસ્ટેન્ડીંગ પોર્ટફોલિયો `2,28,074 કરોડ નો છે, આઉટસ્ટેન્ડીંગ પોર્ટફોલિયો માં બેન્કો નું યોગદાન સૌથી વધુ, 40% છે, ત્યાર બાદ એનબીએફસી-એમએફઆઇ 33 % છે. JFM'19 થી JFM'20 સુધી માઇક્રોફાઈનાન્સ ઉદ્યોગ દ્વારા આપવામાં આવેલી લોનની સંખ્યામાં 13% અને મૂલ્ય દ્વારા વિતરણમાં 9% નો ઘટાડો થયો છે. મૂલ્ય દ્વારા વિતરણમાં JFM'20 ત્રિમાસિક માં એનબીએફસી-એમએફઆઈનો હિસ્સો 33% ની ઉંચાઈએ પહોંચ્યો હતો - જે 5 ક્વાર્ટરમાં સૌથી વધુ છે. JFM'19 થી JFM'20 દરમ્યાન ઇન્ડસ્ટ્રી એટીએસ માં 4% ની વૃદ્ધિ જોવા મળી છે. માર્ચ 2020 માં એકંદર ઉદ્યોગની ડીલીન્ક્વંસી 5.49 % પર છે, જે 5 ત્રિમાસિક ગાળામાં સૌથી વધુ છે. 30-59 પાસ્ટ ડ્યુ માં સુધારો જોવા મળી રહ્યો છે, ડિસેમ્બર 2019 માં 0.70% થી ઘટીને તે માર્ચ 2020 માં 0.49% થઈ ગયો છે.

ટોચના 10 રાજ્યો સમગ્ર ભારતના એમએફઆઈ પોર્ટફોલિયોમાં 80% થી વધારે ફાળો આપે છે. બિહાર અને ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ વાય-ઓ-વાય વૃદ્ધિ નોંધાઈ છે. સમગ્ર ભારતના 90 દિવસ ઉપરની ડીલીક્વન્સી 0.87% પર પહોંચી ગઈ છે, જ્યારે કેટલાક દક્ષિણ અને પશ્ચિમ રાજ્યોમાં 0.70% થી વધુ ડીલીક્વન્સી સ્તરનો અનુભવ થાય છે. સમગ્ર ભારતના આઉટસ્ટેન્ડિંગ રકમમાં મહત્વાકાંક્ષી જીલ્લાઓ 12% ફાળો આપે છે અને 90+ ડીલીક્વન્સી 0.43% પર છે.

7% હિસ્સા સાથે, પોર્ટફોલીઓ આઉટસ્ટેન્ડિંગની દ્રષ્ટિએ ઉત્તર પ્રદેશ છઠ્ઠા ક્રમ નું રાજ્ય છે. માર્ચ 2020 સુધીમાં ઉત્તર પ્રદેશની એટીએસ `33,323 છે. ઉત્તર પ્રદેશમાં, એનબીએફસીએ સૌથી વધુ `55,349 એટીએસનો સ્રોત આપ્યો છે, ત્યારબાદ બેંકો નો `35,342 છે. માર્ચ 2020 ના રોજ ઉત્તરપ્રદેશની 90 દિવસ ઉપરની ડીલીન્ક્વંસી 0.36% છે. સ્રોત લોન ની સંખ્યા અને લોન સાયકલ આઈડી તથા ડીલીન્ક્વંસી વચ્ચે વિપરિત સંબંધ છે. જેમ લોન સાયકલ આઈડી વધારે, ડીલીન્ક્વંસી તથા સ્રોત લોન્સ ની સંખ્યા ઓછી. વિતરિત રકમ ના 42% હિસ્સા સાથે લોન સાયકલ આઈડી -1 પ્રભુત્વ ધરાવે છે.

# સંક્ષેપ અને શબ્દાવલિ


>> ATS =એટીએસ (સરેરાશ ટિકિટ કદ) = વહેંચાયેલ રકમ / લોનની સંખ્યા
>> DPD= ડે પાસ્ટ ડ્યુ (ડીપીડી)
>> લાઇવ POS અથવા બોરોઅર અથવા સક્રિય લોન = 0 થી 179 ડીપીડી + નવા એકાઉન્ટ્સ + કરંટ એકાઉન્ટ્સ
>> MFI =એમએફઆઈ = માઈક્રોફાઈનાન્સ સંસ્થા
>> POS = પોર્ટફોલિયો આઉટ સ્ટેન્ડિંગ
>> UT= યુનિયન ટેરીટરી
>> UP= ઉત્તર પ્રદેશ
>> Loan Cycle ID= એકજ ધીરાણકર્તા પાસેથી બોરોઅર પહેલી, બીજી કે ત્રીજી લોન લે છે તે દર્શાવે છે.
>> Aspirational Districts(AD)= આરોગ્ય અને ન્યુટ્રિશન, શિક્ષણ, કૃષિ અને જળ સંસાધનો, નાણાકીય સમાવેશ, કુશળતા વિકાસ અને મૂળભૂત માળખાકીય સુવિધાઓ જેવા સંયુક્ત સૂચકાંકોના આધારે માનવ વિકાસ સૂચકાંકમાં સુધારો કરવા માટે જાન્યુઆરી, 2018 માં નીતી આયોગ, ભારત સરકાર દ્વારા નિશ્ચિત કરાયેલ જિલ્લાઓ (એડી.) - (હાલ ની સંખ્યા 117)
>> 1-179 = 1 થી 179 ડીપીડી / લાઇવ પી.ઓ.એસ
>> 1-29 = 1 થી 29 ડીપીડી / લાઇવ પી.ઓ.એસ
>> 30-59 = 30 થી 59 ડીપીડી / લાઇવ પી.ઓ.એસ
>> 90-179 = 90 થી 179 ડીપીડી / લાઇવ પી.ઓ.એસ
>> 30+ ડીલીન્ક્વંસી = 30 -179 ડીપીડી / લાઇવ પી.ઓ.એસ
>> 90+ ડીલીન્ક્વંસી = 90 -179 ડીપીડી / લાઇવ પી.ઓ.એસ
>> JFM’19 = જાન્યુઆરી 2019 થી માર્ચ 2019
>> AMJ’19 = એપ્રિલ 2019 થી જૂન 2019
>> JAS’19 = જુલાઈ 2019 થી સપ્ટેમ્બર 2019
>> OND’19 = ઓક્ટોબર 2019 થી ડિસેમ્બર 2019
>> JFM’20= જાન્યુઆરી 2020 થી માર્ચ 2020

# માઇક્રો ફાઈનાન્સ ઉદ્યોગ ઝાંખી



# માઇક્રો ફાઈનાન્સ ઉદ્યોગ સ્નેપશોટ - 31 માર્ચ 2020 સુધી

Graph-01




| Snapshot as on 31st March 2020 | Banks | SFBs | NBFC-MFIs | NBFCs | Not for Profit MFIs | Total Industry |
|---|---|---|---|---|---|---|
| Unique Live Borrowers ('000) | 25,943 | 14,653 | 26,005 | 8,143 | 784 | 75,528 |
| Active Loans ('000) | 35,829 | 18,059 | 38,614 | 9,129 | 1,005 | 102,636 |
| Portfolio (`crore) | 90,643 | 40,539 | 74,771 | 20,225 | 1,896 | 228,074 |
| Disbursed Amount (`crore) - JFM'20 | 27,671 | 10,546 | 21,342 | 4,067 | 564 | 64,190 |
| Average Ticket Size (`) -JFM'20 | 41,171 | 34,638 | 30,240 | 38,191 | 27,253 | 35,474 |
| 30+ Delinquency (POS) | 1.54% | 1.57% | 1.89% | 2.91% | 0.32% | 1.77% |
| 90+ Delinquency (POS) | 0.67% | 0.67% | 1.07% | 1.55% | 0.14% | 0.87% |

Table-01


* પોર્ટફોલિયો આઉટસ્ટેન્ડિંગ ની દ્રષ્ટિએ માઇક્રોફાઈનાન્સ ઉદ્યોગમાં બેન્કોનું પ્રભુત્વ છે જેનો 40% બજાર હિસ્સો છે, ત્યારબાદ એનબીએફસી-એમએફઆઈ નો 33% બજાર હિસ્સો છે.
* 31 માર્ચ 2020 ના રોજ બોરોઅર એક્સપોઝર ની દ્રષ્ટિએ 2.6 કરોડ લાઇવ બોરોઅર સાથે એનબીએફસી-એમએફઆઈ આગળ છે ત્યાર બાદ ખુબ નજીક, 2.5 કરોડ લાઇવ બોરોઅર સાથે બેંકો છે.
* બેંકો સૌથી વધુ એટીએસ (`41,171) ની સાથે સૌથી વધુ POS હિસ્સો (40%) ધરાવે છે – જે ઉદ્યોગ ના `35,474 કરતાં 16% વધુ છે.
* ધીરનાર શ્રેણી માં, બેન્કો, એસએફબી અને નફા માટે નહિ એવી એમએફઆઈ માટે ની 90+ પીઓએસ ડીલીન્ક્વંસી સમગ્ર ઉદ્યોગ ની 90+ પીઓએસ ડીલીન્ક્વંસી કરતાં ઓછી છે

*નોંધ: એમએફઆઈ સેગમેન્ટમાં 6 કરોડ અનન્ય લાઈવ બોરોઅર્સ છે. એસએફબી, બેંકો, એનબીએફસી-એમએફઆઈ, એનબીએફસી અને નફા માટે નહિ એવી એમએફઆઈ સાથે બહુવિધ સંબંધો ધરાવતા ગ્રાહકોને કારણે અનન્ય ગ્રાહકોની સંખ્યામાં વધારો થાય છે.*

# માઈક્રો ફાઈનાન્સ ઉદ્યોગ ઝાંખી

Graph-02

Market share trends by lender type




Portfolio Outstanding (`crore)

| Particulars | Mar'19 | Jun'19 | Sep'19 | Dec'19 | Mar'20 |
|---|---|---|---|---|---|
| Banks | 59,999 | 64,367 | 80,526 | 83,725 | 90,643 |
| SFBs | 29,990 | 31,959 | 34,290 | 36,639 | 40,539 |
| NBFC-MFIs | 68,156 | 71,768 | 63,394 | 67,104 | 74,771 |
| NBFCs | 18,539 | 18,997 | 19,508 | 19,415 | 20,225 |
| Not for Profit MFIs | 1,863 | 1,978 | 1,970 | 1,802 | 1,896 |
| Total Industry | 178,547 | 189,069 | 199,688 | 208,686 | 228,074 |
| Q-o-Q growth rate % | - | 6% | 6% | 5% | 9% |

Table-02

* માર્ચ 2019 થી માર્ચ 2020 સુધીમાં  માઇક્રોફાઈનાન્સ ઉદ્યોગ દ્વારા વાય-ઓ-વાય 27% વૃદ્ધિ નોંધાયેલ છે;
* સપ્ટેમ્બર 2019 થી માર્ચ 2020 સુધીમાં એસએફબી અને એનબીએફસી-એમએફઆઈમાં સૌથી વધુ18% ની વૃદ્ધિ નોંધાઈ છે, ત્યારબાદ બેન્કો ની 13% વૃદ્ધિ રહી છે;
* તમામ 5 ક્વાર્ટર્સમાં માર્ચ 2020 માં સમાપ્ત થતા ક્વાર્ટરમાં સૌથી વધુ 9% ની વૃદ્ધિ નોંધાઈ છે;
* માર્ચ 2019 થી માર્ચ 2020 સુધી ના સમયમાં  બેંકોના હિસ્સા માં વધારો અને એનબીએફસી-એમએફઆઈના હિસ્સા માં ઘટાડો થવાનું કારણ સંસ્થા કક્ષાના મર્જરને આભારી છે

# વિતરણ વલણો





MicrofinancePulse

# વિતરણ પ્રવાહો - સંસ્થા મુજબ

Graph-03

માર્કેટ શેર વલણ ધીરનાર પ્રકાર દ્વારા




No. of Loans Disbursed (in lakh)

| Lender Type | JFM'19 | AMJ'19 | JAS'19 | OND'19 | JFM'20 |
|---|---|---|---|---|---|
| Banks | 86 | 63 | 68 | 74 | 67 |
| NBFC-MFIs | 75 | 61 | 69 | 70 | 71 |
| NBFCs | 14 | 12 | 14 | 12 | 11 |
| Not for Profit MFIs | 2 | 2 | 2 | 2 | 2 |
| Total Industry | 209 | 163 | 181 | 189 | 181 |

Table-03

*JFM'19 થી JFM'20 સુધી માઈક્રો ફાઈનાન્સ ઉદ્યોગ દ્વારા આપવામાં આવેલી લોનની સંખ્યામાં 13% ઘટાડો થયો છે અને મૂલ્ય દ્વારા વિતરણમાં 9% નો ઘટાડો થયો છે.


* મૂલ્ય દ્વારા વિતરણમાં JFM-2020 ક્વાર્ટરમાં એનબીએફસી-એમએફઆઈ નો હિસ્સો 33 % પહોંચ્યો હતો જે 5 ક્વાર્ટરમાં સૌથી વધુ હતો.

* OND '19 થી JFM'20 સુધી માં મૂલ્ય દ્વારા વિતરણ 2% ઘટ્યું છે.

# ઉદ્યોગ ટિકિટ કદ વલણો

Graph-04

No. of Loans Disbursed (in lakh)




| Ticket Size | JFM'19 | AMJ'19 | JAS'19 | OND'19 | JFM'20 | Y-o-Y growth rate % |
|---|---|---|---|---|---|---|
| 0K-10K | 10 | 9 | 11 | 10 | 9 | -13% |
| 20K-30K | 68 | 51 | 50 | 48 | 43 | -36% |
| 30K-40K | 61 | 49 | 58 | 59 | 56 | -7% |
| 40K-50K | 25 | 21 | 25 | 29 | 30 | 22% |
| 50K-60K | 12 | 9 | 10 | 15 | 17 | 36% |
| 60K Plus | 18 | 12 | 13 | 15 | 15 | -16% |
| Total | 209 | 163 | 181 | 189 | 181 | -13% |
| Q-o-Q loan disbursal growth rate % | - | -12% | 11% | 4% | -4% | - |
| All India ATS (`) | 33,958 | 33,508 | 33,427 | 34,854 | 35,474 | 4% |
| Q-o-Q ATS growth rate % | - | -1% | 0% | 4% | 2% | - |

Table-04

* JFM’19 થી JFM’20 દરમ્યાન 20,000-30,000 ટિકિટ સાઇઝ લોનમાં વાય-ઓ-વાય 36% નો સૌથી વધુ ઘટાડો નોંધાયેલ છે અને 50,000-60,000 ટિકિટ સાઇઝ લોનમાં વાય-ઓ-વાય 36% સુધી ની વૃદ્ધિ નોંધાયેલ છે.

* JFM’19 ના રોજ વાય-ઓ-વાય એટીએસ માં `33,958 થી 4% સુધી વધારો થયો છે.


# ઉદ્યોગ જોખમ પ્રોફાઈલ



# ઉદ્યોગ જોખમ પ્રોફાઈલ

Graph-05

Delinquency by Days Past Due




Delinquency by Days Past Due

| Reporting Quarter | 1-29 days past due | 30-59 days past due | 60-89 days past due | 90-179 days past due | 1-179 days past due |
|---|---|---|---|---|---|
| Mar'19 | 1.40% | 0.31% | 0.24% | 0.45% | 2.39% |
| Jun'19 | 1.03% | 0.38% | 0.20% | 0.40% | 2.01% |
| Sep'19 | 1.31% | 0.38% | 0.24% | 0.43% | 2.36% |
| Dec'19 | 1.79% | 0.70% | 0.37% | 0.54% | 3.40% |
| Mar'20 | 3.72% | 0.49% | 0.41% | 0.87% | 5.49% |

Table-05

- માર્ચ 2020 માં એકંદર ઉદ્યોગ ડીલીન્ક્વંસી 5.49% પર છે – જે 5 ક્વાર્ટરમાં સૌથી વધુ છે.
- 30-59 ડીપીડી માં સુધારો જોવા મળી રહ્યો છે. તે ડિસેમ્બર 2019 માં 0.70% થી ઘટીને માર્ચ 2020 માં 0.49% થઈ છે.

Delinquencies calculated basis POS

# ભૌગોલિક એક્સપોઝર



MicrofinancePulse

# ટોચના 10 રાજ્યો - માર્ચ 2019 અને માર્ચ 2020 ના રોજ  પોર્ટફોલીઓ આઉટ સ્ટેન્ડિંગ

Portfolio Outstanding (`crore)


| Top 10 States | March 2019 | March 2020 | Y-o-Y Growth % |
|---|---|---|---|
| Tamil Nadu | 24,611 | 32,399 | 32% |
| West Bengal | 26,987 | 30,873 | 14% |
| Bihar | 18,036 | 26,163 | 45% |
| Karnataka | 15,294 | 19,015 | 24% |
| Maharashtra | 12,420 | 16,353 | 32% |
| Uttar Pradesh | 10,812 | 15,224 | 41% |
| Madhya Pradesh | 9,9-05 | 13,277 | 34% |
| Odisha | 11,412 | 12,838 | 12% |
| Assam | 12,021 | 11,310 | -6% |
| Kerala | 6,942 | 9,378 | 35% |

Table-06

* માર્ચ 2019 અને માર્ચ 2020 માં સમગ્ર ભારતના પોર્ટફોલિયોમાં ટોચના 10 રાજ્યો 80% કરતા વધુ ફાળો આપે છે.
* માર્ચ 2019 થી માર્ચ 2020 સુધી  તમિલનાડુ વાય-ઓ-વાય  32% વૃદ્ધિ સાથે પ્રથમ સ્થાને રહ્યું છે.
* બિહારે માર્ચ 2019 ની સરખામણીએ વાય-ઓ-વાય 45% વૃદ્ધિ  નોંધાવી અને ત્યારબાદ ઉત્તરપ્રદેશ ની  41% વૃદ્ધિ રહી.
* એક જ અવધિ માં થોડા અપવાદો સાથે ઊંચા પોર્ટફોલિયો વિકાસ સહિત રાજ્યના લાઇવ બોરોઅર બેઝમાં ટોચના 10 રાજ્યોમાં ઉચ્ચ વાય-ઓ-વાય વૃદ્ધિ દર નોંધાયો હતો.

## માર્ચ 2020 ના રોજ રાજ્ય / યુ.ટી. મુજબના 90+ ડીલીક્વન્સી

Map-01




* માર્ચ 2020 ના રોજ પાન ઇન્ડિયા 90+ ડેલીક્વન્સી 0.87% છે
* જમ્મુ અને કાશ્મીરના અપવાદ સાથે ઉત્તરીય પટ્ટાએ 0.47% કરતા ઓછી તેની 90+ ડીલીંકવન્સી જાળવી રાખી છે જે ઉદ્યોગની 0.87% ડીલીંકવન્સી કરતા 0.40% ઓછી છે.


# લોન સાયકલ આઈડી વલણો


MicrofinancePulse

# લોન સાયકલ આઈડી - સોર્સિંગ વલણો

Graph-06

No. of loans sourced by Loan Cycle ID ('000)




| Loan cycle ID | JFM'19 | AMJ'19 | JAS'19 | OND'19 | JFM'20 |
|---|---|---|---|---|---|
| LoanID-1 | 10,627 | 8,388 | 9,263 | 9,276 | 9,112 |
| LoanID-2 | 2,774 | 2,464 | 2,721 | 2,940 | 3,019 |
| LoanID-3 | 1,049 | 968 | 1,030 | 1,171 | 1,181 |
| LoanID-4-6 | 1,019 | 997 | 992 | 1,125 | 1,051 |
| LoanID->6 | 250 | 255 | 254 | 296 | 281 |
| Others (ID notdefined) | 5,138 | 3,223 | 3,845 | 4,070 | 3,450 |
| Industry | 20,858 | 16,294 | 18,105 | 18,878 | 18,095 |

Table-07


Loan Cycle ID distribution by disbursed amount From January 2019 to March 2020

| Loan Cycle ID | Disbursed Amount (`crore) | Disbursed Amount % |
|---|---|---|
| LoanID-1 | 133,479 | 42% |
| LoanID-3 | 19,326 | 6% |
| LoanID-4-6 | 16,651 | 6% |
| LoanID->6 | 3,899 | 1% |
| Others (ID not defined) | 95,179 | 30% |
| Industry | 315,934 | 100% |

Table-08

* વિતરિત રકમ દ્વારા લોન સાયકલ આઈડી – 1 માં 42% નો સૌથી વધુ સોર્સિંગ હિસ્સો છે
* OND-19 થી JFM-20 માં લોનની સંખ્યાની દ્રષ્ટિએ લોન સાયકલ આઈડી-2 માં 3% નો વધારો જોવામાં આવ્યો હતો.

# લોન સાયકલ ID દ્વારા ડીલીન્કવંસી




30+ અને 90+ લોન સાયકલ આઈડીમાં વધારા સાથે ડીલીન્કવંસી માં ઘટાડો થાય છે.


# મહત્વાકાંક્ષી (Aspirational) જિલ્લાઓ



MicrofinancePulse


# મહત્વાકાંક્ષી જિલ્લાઓ - માર્ચ 2020 નું અવલોકન

Graph-08




Graph-09

30+ and 90+ POS Delinquency lender category wise




| Aspirational Districts Growth Particulars | December 2017 | March 2020 | Growth % |
|---|---|---|---|
| Active Customer Penetration ('000) | 4,155 | 7,604 | 83% |
| Disbursement Amount (`crore) | 14,374* | 30,518** | 112% |
| Active Loans ('000) | 6,925 | 12,785 | 85% |
| Portfolio (`crore) | 11,175 | 27,362 | 145% |
| 30+ Delinquency | 1.54% | 0.90% | - |
| 90+ Delinquency | 0.75% | 0.43% | - |

Table-09

* માર્ચ 2020 સુધીમાં મહત્વાકાંક્ષી જિલ્લાઓમાં કુલ `27,362 કરોડ નો આઉટસ્ટેન્ડિંગ પોર્ટફોલિયો છે, જેમાં બેન્કોનો 41% હિસ્સો છે, ત્યારબાદ એનબીએફસી-એમએફઆઈનો 36% હિસ્સો છે.

* મહત્વાકાંક્ષી જીલ્લાઓમાં એનબીએફસીનો સૌથી વધુ 30+ અને 90+ ડીલીન્ક્વંસી દર છે.

* ડિસેમ્બર 2017 થી માર્ચ 2020 સુધીમાં આઉટસ્ટેન્ડિંગ પોર્ટફોલિયો માં 145% નો વધારો થયો છે અને વિતરિત રકમ માં 112% ની વૃદ્ધિ નોંધાઈ છે.

** જાન્યુઆરી 2017 થી ડિસેમ્બર 2017 સુધીનું વિતરણ*


*** એપ્રિલ 2019 થી માર્ચ 2020 સુધી ચૂકવણી*

*પોર્ટફોલિયો આઉટસ્ટેન્ડિંગ ના આધારે ડીલીન્ક્વંસી ની ગણતરી*

# મહત્વાકાંક્ષી જીલ્લાઓ-ગ્રાહક અને વિસ્તાર ફેલાવો

Graph-10

Customer distribution by POS Buckets – Aspirational Districts




| District | State | POS (` crore) March2020 | Live Accounts ('000) March 2020 | Live Institution *Count March2020 | Live Borrowers ('000) March 2020 | 90+ POS Delinquency March 2020 |
|---|---|---|---|---|---|---|
| Muzaffarpur | Bihar | 2,000 | 906 | 65 | 541 | 0.21% |
| Begusarai | Bihar | 1,434 | 653 | 62 | 368 | 0.32% |
| Purnia | Bihar | 1,081 | 459 | 51 | 271 | 0.10% |
| Aurangabad | Maharashtra | 950 | 462 | 59 | 230 | 0.72% |
| Dahod | Gujarat | 876 | 415 | 38 | 215 | 0.19% |
| Sitamarhi | Bihar | 834 | 387 | 56 | 216 | 0.04% |
| Araria | Bihar | 821 | 359 | 41 | 213 | 0.12% |
| Katihar | Bihar | 818 | 359 | 47 | 205 | 0.23% |
| Virudhunagar | Tamil Nadu | 788 | 400 | 48 | 202 | 1.53% |
| Gaya | Bihar | 714 | 333 | 53 | 204 | 0.42% |

Table-10

*મહત્વાકાંક્ષી જીલ્લાઓ ના બોરોઅર્સ 10,000 થી 50,000 આઉટસ્ટેન્ડિંગ પોર્ટફોલીઓ માં કેન્દ્રિત છે

* માર્ચ 2020 ના રોજ પોર્ટફોલીઓ આઉટસ્ટેન્ડિંગના બેઝીઝ પર બિહારના 5 થી વધુ જિલ્લાઓ ટોચના બાકી રહેલા 10 મહત્વાકાંક્ષી જીલ્લાઓ માં સ્થાન ધરાવે છે.

* પોર્ટફોલીઓ આઉટસ્ટેન્ડિંગ માં ટોચના 10 મહત્વાકાંક્ષી જીલ્લાઓમાં મુઝફ્ફરપુર 19% ફાળો આપે છે. આ પછી બેગુસરાઈ 14% અને પૂર્ણિયા 10% પર છે.

* ટોચના 5 મહત્વાકાંક્ષી જીલ્લાઓમાં પૂર્ણિઆની 0.10% 90+ ડીલીન્ક્વંસી છે, જે માર્ચ 2020 ના રોજ મહત્વાકાંક્ષી જીલ્લાઓ ની 90+ ડીલીન્ક્વંસી 0.43% ની તુલના માં 0.33% ઓછી છે.


** બહુવિધ ભૌગોલિકમાં કાર્યરત સંસ્થાઓને લીધે કેટલાક ડુપ્લિકેશન હોઈ શકે છે*

# વ્યાપક રાજ્ય પ્રોફાઈલ: ઉત્તરપ્રદેશ



# ઉત્તરપ્રદેશ: રાજ્ય અવલોકન

Graph-11






| Uttar Pradesh Snapshot view as on March 2020 | Banks | SFBs | NBFC-MFIs | NBFCs | Not for Profit MFIs | Total Industry |
|---|---|---|---|---|---|---|
| Active Loans ('000) | 2,629 | 966 | 2,997 | 220 | 354 | 7,166 |
| Portfolio (`crore) | 5,701 | 2,272 | 5,838 | 708 | 705 | 15,224 |
| Market Share in Portfolio Outstanding | 37% | 15% | 38% | 5% | 5% | 100% |
| Disbursed Amount (`crore) – JFM'20 | 2,189 | 770 | 1,758 | 167 | 194 | 5,078 |
| Average Ticket Size (`) – JFM'20 | 35,342 | 33,272 | 30,557 | 55,349 | 26,909 | 33,223 |
| 30+ Delinquency (POS) | 0.56% | 0.56% | 0.84% | 2.03% | 0.11% | 0.71% |
| 90+ Delinquency (POS) | 0.33% | 0.33% | 0.34% | 1.11% | 0.06% | 0.36% |

Table-11

* ભારતનું સૌથી વધુ વસ્તી ધરાવતું રાજ્ય- ઉત્તર પ્રદેશ - સક્રિય લોન અને પીઓએસની દ્રષ્ટિએ સમગ્ર ભારત એમએફઆઈ પોર્ટફોલિયોમાં 7% ફાળો આપે છે.
* એટીએસની દ્રષ્ટિએ, જેએફએમ'20 ક્વાર્ટરના સમગ્ર ભારત એટીએસ કરતા ઉત્તર પ્રદેશ એટીએસ 6% ઓછો છે.
* 31 માર્ચ 2020 ના રોજ સમગ્ર ભારત 90+ ડીલીન્ક્વંસી ના 0.87% કરતાં ઉત્તર પ્રદેશમાં 0.51% નો નીચો 90+ ડીલીન્ક્વંસી છે.
* માર્ચ 2020 ના રોજ ઉત્તરપ્રદેશમાં (પીઓએસ) એનબીએફસી-એમએફઆઈનો 0.38%, સૌથી વધુ માર્કેટ હિસ્સો છે.
- એનબીએફસી એ ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ એટીએસ, `55,349 નું સ્રોત કર્યું છે, ત્યારબાદ બેંકો નું `35,342 છે.
- એનબીએફસીએ મહત્તમ 90+ ડીલીન્ક્વંસી, 1.11% બતાવ્યા છે, જ્યારે 30+ ડીલીન્ક્વંસી 2.03% પર રહ્યો છે જે ઉત્તર પ્રદેશમાં ઉદ્યોગ 30+ ડીલીન્ક્વંસી કરતા 1.32% વધારે છે અને ભારતમાં એકંદર ઉદ્યોગ 30+ ડીલીન્ક્વંસી કરતા 0.26% વધારે છે.


# ઉત્તર પ્રદેશ: ભૌગોલિક પોર્ટફોલિયો ફાળો





* માર્ચ 2020 ના રોજ ઉત્તર પ્રદેશના બાકી રહેલા પોર્ટફોલિયોમાં અર્ધ શહેરી વિસ્તાર સૌથી વધુ 64% ફાળો આપે છે, ત્યારબાદ ગ્રામ્ય 29% અને શહેરી 7% છે.
* શહેરી ભૂગોળ હેઠળ બેંકો સૌથી વધુ 44% બજાર હિસ્સો ધરાવે છે. અર્ધ શહેરી અને ગ્રામીણ ક્ષેત્રમાં એનબીએફસી- એમએફઆઈનું વર્ચસ્વ છે અને તે પ્રત્યેક 40% અને 36% માર્કેટ હિસ્સો ધરાવે છે.
* રાજ્ય 90+ પીઓએસ ડીલીન્ક્વંસી ની તુલનામાં શહેરી વિસ્તાર ઉંચો 90+ પીઓએસ ડીલીન્ક્વંસી દર્શાવે છે.

# ઉત્તર પ્રદેશ: બોરોઅર વર્ગીકરણ




* આઉટ સ્ટેન્ડિંગ પોર્ટફોલિયો દ્વારા બોરોઅર નું વિભાજન જણાવે છે કે બોરોઅર્સ ના 71% 10K -50 K બકેટ વચ્ચે આવે છે

* પોર્ટફોલિયો આઉટ સ્ટેન્ડિંગ ના સંદર્ભમાં ગોરખપુર ટોચનો જિલ્લો છે અને માર્ચ 2020 સુધીમાં 25k-50k POS બકેટ માં સૌથી બોરોઅર વિભાજન છે

* 10k-25k POS બકેટ માટે અલ્હાબાદમાં સૌથી ઊંચું, 38% બોરોઅર વિભાજન છે.

## SIDBI વિશે

સંસદના અધિનિયમ હેઠળ 1990 માં સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેન્ક ઓફ ઇન્ડિયાની (સીડબી) સ્થાપના કરવામાં આવી છે. સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો (એમએસએમઇ ક્ષેત્ર) ના પ્રોત્સાહન, ધિરાણ અને વિકાસ ની ત્રિવિધ કાર્યસૂચિને અમલમાં મૂકવા માટે તથા સમાન પ્રવૃત્તિઓમાં રોકાયેલી વિવિધ સંસ્થાઓના કાર્યોના સંકલન માટે સીડબી ને મુખ્ય નાણાકીય સંસ્થા તરીકે ફરજ બજાવવા માટે હવાલો અપાયો છે. તેના વિવિધ નાણાંકીય અને વિકાસલક્ષી પગલાં દ્વારા વર્ષોથી આ બેંકે સોસાયટી ના વિવિધ સ્તરે લોકોના જીવનને સ્પર્શ્યું છે, સમગ્ર એમએસએમઇ સ્પેક્ટ્રમ ના સાહસોને અસર કરી છે અને એમએસએમઇ ઇકોસિસ્ટમમાં ઘણી વિશ્વસનીય સંસ્થાઓ સાથે સંકળાયેલી છે.

એમએસએમઇ ક્ષેત્ર માં માહિતી અસમપ્રમાણતાને ધ્યાનમાં લેવા સીડબી એ વિઝન 2.0 હેઠળ એમએસઇ દ્રષ્ટિકોણ તથા આકાંક્ષા ને જાણવા માટે એમએસએમઇ પલ્સ જેવા ક્ષેત્ર કે જે CriSidEx અને એમએસએમઇ ના હેલ્થ ટ્રેકર છે તથા માઇક્રોફાઇનાન્સ પલ્સ સિવાય ફિનટેક ધિરાણ સેગ્મેન્ટ પર ધિરાણ ડેટા આંતરદ્રષ્ટિ માટે ફિનટેક પ્લસ જેવી વિવિધ પહેલ કરી છે.

## માઈક્રો ફાઈનાન્સ અવકાશ માં સીડબી

માઇક્રો ફાઈનાન્સ-ચળવળને ટેકો આપીને સમાવિષ્ટ ધિરાણ એજન્ડાને આગળ વધારવામાં સિડબીએ અગ્રણી ભૂમિકા નિભાવી છે. માઇક્રો ફાઈનાન્સ હેઠળ, માર્ચ 2020 સુધીમાં બેંકે 100 થી વધુ એમએફઆઇને `19,871 કરોડની સંમિશ્રિત મંજૂરી આપી છે. આ સંસ્થાઓને ક્ષમતા નિર્માણના સમર્થન દ્વારા એમએફઆઇને દેવું અને ઇક્વિટી સપોર્ટ એ કોમ્પ્લાયંસ એસેસમેન્ટ ટૂલ્સને ટેકો આપીને કોર્પોરેટ ગવર્નન્સ કલ્ચરને સમજવા વગેરે માટે પૂરક છે. માઇક્રો ફાઈનાન્સ ઉદ્યોગને નાજુક શરૂઆતથી સંપૂર્ણ ઉદ્યોગોના ક્ષેત્રમાં લઇ જવા સિવાય, અમારા 8 ભાગીદાર એમએફઆઈને એસએફબી / યુનિવર્સલ બેંકોમાં સ્થાનાંતરિત કર્યો છે. બજારના દરો કરતા નોંધપાત્ર રીતે ઓછા હોય એ વ્યાજ દરે (ભાગીદારીની વ્યવસ્થા દ્વારા) માઇક્રો લેંડિંગ માં સીધી સીડબી માંથી નાની લોન ઉપલબ્ધ કરાવવી એ એક અગ્રણી પહેલ છે. બેંક દ્વારા પ્રયાસ નામની આ પહેલ અંતર્ગત ભાગીદારીના મોડેલ હેઠળ બજાર દરો કરતાં તુલનાત્મક નીચા દર સાથે પિરામિડના તળિયે માઇક્રો ઋણ લેનારાઓને 0.50 લાખ થી 5 લાખની નાની ટિકિટ સાઇઝ લોન લંબાવાઈ રહી છે

## Equifax વિશે

ઇક્વિફેક્સ એક વૈશ્વિક માહિતી નિરાકરણ કંપની છે જે માહિતી નાં આંતરદૃષ્ટિમાં પરિવર્તન દ્વારા વિશ્વભરની સંસ્થાઓ અને વ્યક્તિઓને સક્ષમ કરવા માટે વિશ્વસનીય વિશિષ્ટ ડેટા, નવીન વિશ્લેષણો, તકનીકી અને ઉદ્યોગ કુશળતાનો ઉપયોગ કરે છે, જે વધુ જાણકાર વ્યવસાય અને વ્યક્તિગત નિર્ણયો લેવામાં મદદ કરે છે.

Atlanta Ga માં મુખ્ય મથક ધરાવતું ઇક્વિફેક્સ મધ્ય અને દક્ષિણ અમેરિકા, યુરોપ અને એશિયા પેસિફિક ક્ષેત્ર, ઉત્તર અમેરિકાના 24 દેશોમાં કાર્ય કરે છે અથવા રોકાણ કરે છે. તે સ્ટાન્ડર્ડ અને પુઅર (S&P) 500® ઇન્ડેક્ષ ના સભ્ય છે અને EFX પ્રતીક હેઠળ ન્યૂ યોર્ક સ્ટોક એક્સચેંજ (NYSE) પર તેના પ્રવર્તમાન સ્ટોકનું વેચાણ થાય છે. ઇક્વિફેક્સ વિશ્વભરમાં 11,000 કર્મચારીઓને રોજગારી આપે છે. ક્રેડિટ ઉદ્યોગમાં 120 વર્ષથી વધુના વૈશ્વિક વારસા સાથે 2010 માં ભારતના બજારમાં ઇક્વિફેક્સે તેની હાજરી સ્થાપિત કરી હતી અને તેને આરબીઆઈ દ્વારા સીઆઈસી તરીકે કામ કરવા માટે લાઇસન્સ અપાયું હતું. છેલ્લા 9 થી વધારે વર્ષમાં ક્રેડિટ બ્યુરોના સભ્યોમાં 4000+ વધારો થયો છે જેમાં બેંકો, એનબીએફસી, એમએફઆઇ અને વીમાદાતાઓનો સમાવેશ થાય છે. આ સભ્યો કરોડો ભારતીય ગ્રાહકો ની વસ્તી વિષયક અને ચુકવણીની માહિતી પ્રદાન કરે છે. 2014 માં ઇક્વિફેક્સે એનાલિટિક્સ ફર્મના અધિગ્રહણ દ્વારા ભારતમાં તેના પદચિન્હ માં વધુ ઉમેરો કર્યો. ઇક્વિફેક્સ એનાલિટિક્સ પ્રા. લિમિટેડ એ ભારતમાં ઇક્વિફેક્સની સંપૂર્ણ માલિકીની વિશ્લેષણાત્મક સંસ્થા છે જે અપ્રતિમ કસ્ટમાઇઝ્ડ એનાલિટિક્સ ઉકેલો આપે છે જે ઉદ્યોગોની કામગીરી અને ગ્રાહકોના જીવન, બંનેને સમૃદ્ધ બનાવે છે.

**અસ્વીકૃતિ**

ફિન્ટેક પલ્સ (અહેવાલ) ઇક્વિફેક્સ ક્રેડિટ ઇન્ફર્મેશન સર્વિસીસ પ્રા.લિ. (ઇક્વિફેક્સ) દ્વારા તૈયાર કરાયેલ છે. અહેવાલ ને એક્સેસ કરીને અને ઉપયોગ કરીને વપરાશકર્તા સ્વીકારે છે અને કબૂલે છે કે આવો ઉપયોગ આ અસ્વીકૃતિ ને આધિન છે. આ અહેવાલ ઇક્વિફેક્ષના સભ્યો અને સંસ્થાઓ દ્વારા માર્ચ 2020 સુધી બ્યુરોને સબમિટ કરવામાં આવેલી માહિતી ના સંગ્રહ પર આધારીત છે. જ્યારે ઇક્વિફેક્સ રિપોર્ટ તૈયાર કરવામાં વ્યાજબી કાળજી લે છે, સંસ્થાઓ દ્વારા સબમિટ કરાયેલ અચોક્કસ અથવા અપૂરતી માહિતીને કારણે થતી ભૂલો અને / અથવા વર્જન (omiission) અથવા ચોકસાઈ માટે જવાબદાર રહેશે નહીં. વધુમાં, કોઈપણ વિશિષ્ટ હેતુ માટે તેની યોગ્યતા અને / અથવા રિપોર્ટ માંની માહિતીની પૂરતી અથવા સંપૂર્ણતા ની બાંયધરી ઇક્વિફેક્સ નથી કરતી અથવા રિપોર્ટ પરની કોઈપણ એક્સેસ અથવા નિર્ભરતા માટે ઇક્વિફેક્સ જવાબદાર નથી અને ઇક્વિફેક્સ આવી બધી જવાબદારીનો સ્પષ્ટપણે અસ્વીકાર કરે છે. આ અહેવાલ એ ઇક્વિફેક્ષ દ્વારા કોઈપણ આવેદન, ઉત્પાદન ના સ્વીકાર અથવા ઇનકાર / અસ્વીકાર માટે ની ભલામણ નથી, અથવા (i) ધિરાણ આપવું કે ન આપવું અને (ii) કોઈપણ સંબંધિત વ્યક્તિગત / એન્ટિટી સાથે નાણાંકીય વ્યવહાર કરવો કે નહિ તે માટેની ઇક્વિફેક્ષ દ્વારા ભલામણ નથી. અહેવાલમાં સમાવિષ્ટ માહિતી સલાહની રચના કરતી નથી અને આ અહેવાલમાં સમાયેલ માહિતીના આધારે કોઈ નિર્ણય લેતા પહેલા વપરાશકર્તા એ તેના વિવેકી અભિપ્રાય મુજબ ના તમામ જરૂરી વિશ્લેષણ હાથ ધરવા જોઈએ. અહેવાલમાં રજૂ થયેલ તમામ વિશ્લેષણ નમૂનાઓ પર આધારિત છે. રિપોર્ટનો ઉપયોગ ક્રેડિટ ઇન્ફર્મેશન કંપનીઝ (રેગ્યુલેશન) એક્ટ 2005, ક્રેડિટ ઇન્ફર્મેશન કંપનીઓ જોગવાઈઓ રેગ્યુલેશન્સ, 2006, ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઓ નિયમો, 2006 દ્વારા સંચાલિત છે. પૂર્વ મંજૂરી વિના આ રિપોર્ટના કોઈપણ ભાગની કોપી, પરિભ્રમણ પ્રકાશિત થઇ શકશે નહિ.

## CONTACT DETAILS


ઇક્વિફેક્સ ક્રેડિટ ઇન્ફોર્મેશન સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ
યુનિટ નંબર 931, ત્રીજો માળ, બિલ્ડીંગ નં . 9,
સોલિટેર કોર્પોરેટ પાર્ક,
અંધેરી - ઘાટકોપર લિન્ક રોડ, અંધેરી ઇસ્ટ,
મુંબઇ - 400 093
ટોલ ફ્રી નંબર: 1800 2093247
ecissupport@equifax.com

સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેંક ઓફ ઇન્ડિયા
સ્વાવલંબન ભવન, પ્લોટ નંબર સી -11, 'જી' બ્લોક,
બાંદ્રા કુર્લા સંકુલ, બાંદ્રા (પૂર્વ),
મુંબઇ - 400051
મહારાષ્ટ્ર
ટોલ ફ્રી નંબર: 1800 22 6753
www.sidbi.in/en


Copyright © 2020, Equifax Inc., Atlanta, Georgia. All rights reserved. Equifax is a registered trademarks of Equifax Inc.